# D.P.THAKKER & CO.

PHONES :
PATAN : 220228, 230068,224468
MOBILE:9428518890, 9624630066-68-99
E-mail: dptco123@gmail.com
Website: dpthakker.com

ESTD DPT 1956

TAX CONSULTANTS
"SREEKUNJ",STATION ROAD,
PATAN(N.G.) 384265

## GST કાયદા હેઠળ 0.10% થી વેચાણ કરવાના નિયમો

(૧) 0.10% થી ખરીદી કરવાનો સામેની પાર્ટીએ(એક્સ્પોર્ટરે) પરચેઝ ઓર્ડર આપવો પડે.

(૨) ઓર્ડર મલેથી વેપારી પાસે પોતાનો સ્ટોક હોય તો તેમાથી વેચાણ કરી શકાય પરંતુ જો તેટલો સ્ટોક ન હોય તો બજાર માથી તેટલાજ વજન ની કે તેનાથી થોડા વધારે વજન ની ખરીદી કરી માલ 0.10% થી વેચાણ કરવો જોઇયે.

(૩) તમે બજાર માથી પુરો GST ભરીને માલ ખરીદ કરેલ હોય અને તેનું વેચાણ એક્સપોર્ટર ને 0.10% થી કરો તો તમે બજાર માથી 0.10% કરતાં જે વધારે ટેક્ષ ભરેલ હોય તેનું રિફંડ મળી શકે. પરંતુ આ માટે કઈ ખરીદી નો માલ 0.10% થી એક્સપોર્ટ કર્યો તેની વિગત રિફંડ લેતી વખતે આપવી પડશે.

(૪) 0.10% થી જે વેચાણ કરો તેનું TAX INVOICE બનાવવું પડે.

(૫) તમે જે તારીખે TAX INVOICE બનાવો તેના ૯૦ દિવસ માં એક્સ્પોર્ટરે તે માલ નું એક્સપોર્ટ કરવું પડે.

(૬) આ મલનું એક્સપોર્ટ કરતી વખતે એક્સપોર્ટરે શીપીંગ બીલ માં તમે તેને વેચેલ માલનો TAX INVOICE નંબર તથા તમારો GST નંબર લખવાનો ફરજીયાત છે જો શીપિંગ બીલ માં એક્સ્પોર્ટરરે તમારા TAX INVOICE નો નંબર તથા GST નંબર લખાવેલ નહીં હોય તો તમને GST નું રિફંડ મળશે નહીં.

(૭) જે એક્સ્પોર્ટર કોમોડીટી બોર્ડ કે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ માં નોધાયેલ હોય તેજ 0.10% થી માલ ખરીદ કરી શકે.

**(૮) ખુબજ અગત્ય નું :-**

(૧) એક્સપોર્ટર જ્યારે 0.10% થી ખરીદવાનો તમને ઓર્ડર આપે ત્યારે તેણે આ પરચેઝ ઓર્ડર ની એક કોપી તમારો GST નંબર જે GST ઓફિસમાં પડતો હોય તે ઓફિસ માં આપવી ફરજીયાત છે.

(૨) માલ જ્યારે એક્સપોર્ટ થાય ત્યારે એક્સપોર્ટરે તમે તેને આપેલા TAX INVOICE ની કોપી, શીપિંગ બીલ તથા એક્સપોર્ટ જનરલ મેનિફેસ્ટ ની કોપી તમારો GST નંબર જે GST ઓફિસ માં પડતો હોય તે ઓફિસ માં આપવી ફરજીયાત છે.

(૩) ઉપરોક્ત બંને પુરાવા એક્સ્પોર્ટરે તમારી GST ઓફિસ માં આપેલા છે તેનો પુરાવો એટલેકે GST ઓફિસ ની પાવતી કે SPEED-POST ની પાવતી તમને આપવી પડે જે તમારે રિફંડ લેતી વખતે GST ઓફિસ માં બતાવવી પડે.

(૪) ઉપરોક્ત પુરાવા આપણી પાસે રહે તે માટે એક્સપોર્ટરે જે વિગતો તમારી GST ઓફિસ માં આપવાની છે તે તેના લેટર પેડ ઉપર કાગળ લખીને તમને મોકલી આપે તેમ કરવુ. તમારે સદર કાગળ અને પુરાવા અમને આપવા. તો અમે GST ઓફિસ માં પાટણ/ ઊંઝા/ સિદ્ધપુર/ પાલનપુર/ મહેસાણા જ્યાં તમારો GST નંબર પડતો હશે ત્યાં ફાઇલ કરાવી પુરાવો મેળવી લઈશું.

કુશળ હશો,

લી.

કનુભાઈ-પિયુષભાઇ-નિખિલભાઇ